અપીલ અરજી નં.૨૯૨ તા.૧૫–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આઈ ડી નં. ૭૬૭ તા.૨૦–૧૦–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીમાં ડ્રાઈવરોની નિમણુંક તથા ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષા યાદીની સમય મર્યાદા અને સમયગાળા અંગેની માહિતીની નકલ અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૨/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આઈ ડી નં. ૭૬૭ તા.૨૦–૧૦–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીમાં ડ્રાઈવરોની નિણમુંક તથા ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષા યાદીની સમય મર્યાદા અને સમયગાળા અંગેની માહિતીની નકલ અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમગગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૧ તા.૨૮–૧૨–૧૦ થી પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને તેઓની અપીલ અરજીના અનુસંધાને કઈ માહિતી મુળ અરજી સંદર્ભે મળી નથી તથા જો તેમનો પ્રશ્ન કાર્યવાહી અંગે અસંતોષને લગતો હોય કે તકરાર નિવારણને લગતો હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે તેવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જીએડી/ઈએસટી/૧૩૩૭ તા.૩–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ તથા સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કર્યા અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૨૬ તા.૨૧–૧૦–૧૦ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૪૯ તા.૨૨–૧૦–૧૦ ના પત્રની નકલ, તા.૬–૨–૦૯ ના રોજ જાહેર કરેલી પ્રતિક્ષાયાદીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૧૧૧ તા.૨૯–૧૦–૧૦ ના પત્રની નકલ, અરજદારનો તા.૩૦–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને રેકર્ડ તપાસણી અંગેનં. જીએડી/ઈએસટી/આર/૧૧૪૧ તા.૯–૧૧–૧૦ પાઠવેલ પત્રની નકલ, અરજદારનો તા.૧૦–૧૧–૧૦ નો સુનાવણીની મુદત માંગતો પત્રની નકલ, અરજદારને પુનઃ રેકર્ડ તપાસણી અંગે પાઠવેલ નં. જીએડી/ઈએસટી/આર/૧૧૪૯ તા.૧૨–૧૧–૧૦ ના પત્રની નકલ, તા.૨૨–૧૧–૧૦ ના રોજ અરજદારની માહિતીની નકલ માટેની અરજી, જાહેર માહિતી અધિકારીએનં. જીએડી/ઈએસટી/આર/૧૧૯૨ તા.૨૭–૧૧–૧૦ ના રોજ માહિતીની નકલ અંગે નાણા ભરપાઈ કરવા અંગે પાઠવેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે નં. જીએડી/ઈએસ ટી/આર/ ૧૨૧૭ તા.૪–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧–૧–૧૧ ના રોજ મળેલ પત્રની નકલ, તથા પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૭૫૧ તા.૬–૮–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૦–૧૦–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીમાં ડ્રાઈવરોની નિમણુંક તથા ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષા યાદીની સમય મર્યાદા અને સમયગાળા અંગેની માહિતીની નકલ અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે પર્સોનલ ઓફિસર આર રીક્રુટમેન્ટ વિભાગને કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક /૧૦૨૬ તા.૨૧–૧૦–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ ૧૧૧૧ તા.૨૯–૧૦–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં.પીઆરઓ/૫૯૭ તા.૧૯–૩–૦૭ ની જાહેરાત અનુસાર ૧૦૨ ડ્રાઈવરોની પસંદગી પ્રતિક્ષાયાદી તા.૬–૨–૦૯ ના રોજ રીક્રુટમેન્ટ મહેકમ વિભાગના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ. જેમાંથી આજ સુધીમાં કેટલા ડ્રાઈવરોની નિમણુંક કરવામાં આવેલ છે જે અંગેની યાદીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૯૩ ડ્રાઈવરની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદીમાં કુલ ૨૨૪ અલગ કેટેગરીના ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવેલ છે જે પૈકીના શીડયુલ ટ્રાયબના કુલ –૨૮ ડ્રાઈવરો પૈકીના તમામ ડ્રાઈવરો ઈ.બી.સી. જાતિના કુલ ૯૪ પૈકીના ૯૦ ડ્રાઈવરો જયારે બિન અનામત જાતિના ૧૦૨ ડ્રાઈવરો પૈકી ૧૦૦ ડ્રાઈવરોને નિમણુંક આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ડ્રાઈવરોમાંથી નિમણુંક કરવામાં આવેલ ડ્રાઈવરોના નામ, હેવી વ્હીકલ લાયસન્સની વિગત તથા અનુભવ સહિતની યાદીની તારીખ સહિતની યાદીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બિન અનામત કુલ ૧૦૨ ડ્રાઈવરોની તા.૨૦–૧૦–૧૦ ની અરજીના

અનુસંધાને માંગવામાં આવેલી માહિતીના પાના નંગ–૨૨૨ ના પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૪૪૪/– જમા કરાવ્યેથી માહિતી આપવા અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને અન્ય ડ્રાઈવરોની માહિતીની જરૂર જણાયે અલગથી અરજી કરી માહિતી મેળવી શકો છો. તેવું જણાવેલ. મુદ્દા નં.(૩) ૧૦૨ પ્રતિક્ષા યાદીની સમય મર્યાદા અને સમયગાળો કેટલા માસ નકકી કરવામાં આવેલ છે જે અંગેની માહિતીની નકલ ની માંગણી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની સમય મર્યાદા યાદી પ્રસિધ્ધ થયાની તારીખથી ૨ વર્ષની રહે છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૩૦–૧૦–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારીને અરજી કરી મુદ્દા નં.૨ અંગે માંગેલ માહિતીના રેકર્ડ તપાસ કર્યા બાદ જોઈતી માહિતીની રકમ જોગવાઈ અનુસાર નાણા ભરી મેળવવા જણાવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૪૧ તા.૯–૧૧–૧૦ થી તા.૧૨–૧૧–૧૦ ના રોજ ૪.૦૦ કલાકે રૂમ નં.૧૧૪ રીક્રુટમેન્ટ વિભાગ બીજા માળે મુગલીસરા, સુરત મહાનગરપાલિકા ખાતે રેકર્ડ તપાસણી કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૧૦–૧૧–૧૦ ના રોજ મુકરર તા.૧૨–૧૧–૧૦ ના રોજ તેઓ બહારગામ જવાના હોઈ બીજી તપાસણી અંગેની તારીખની માંગણી કરેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૪૯ તા.૧૨–૧૧–૧૦ થી પુનઃ તા.૧૯–૧૧–૧૦ ના રોજ ૪.૦૦ કલાકે સદર સ્થળે તપાસણી કરવામાં આવેલ. જે અંગે અરજદારે બપોરે ૧.૩૦ કલાકે મુલાકાત લીધેલ. પરંતુ તેઓ અન્ય લેટર સાથે અન્ય તારીખે સ્પષ્ટ કરવા માંગતા હોય તેઓને તા.૨૨–૧૧–૧૦ ના રોજ તારીખ ફાળવવામાં આવેલ. અરજદારે તા.૨૨–૧૧–૧૦ ના રોજ જેઓની નિમણુંક આપેલ છે તેઓના નામ હેવી વ્હીકલ લાયસન્સ, અનુભવની વિગત નિમણુંક તારીખ સહિતની યાદીની ફકત માહિતીની નકલની માંગતી કરતી અરજી આપેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૯૨ તા.૨૭–૧૧–૧૦ થી માહિતીના પાના નંગ–૮ પાના દીઠ રૂા.૨/– લેખે નકલ ફી ના રૂા.૧૬/– ભર્યેથી માહિતી અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૨–૧૨–૧૦ થી રસીદ નં.૧૧૧૩૨૧ થી ભરપાઈ કરેલ. જે અંગે અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૧૭ તા.૪–૧૨–૧૦ થી તા.૨૨–૧૧–૧૦ ની અરજીના સંદર્ભે માંગેલ માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજગી દર્શાવી માંગેલ માહિતીની યાદી અવ્યવસ્થિત, ગૂંચવણ ભરેલી અસત્ય, છેતરપીંડી વાળી અને બોગસ માહિતી આપેલ છે તેવું જણાવી તા.૧૫–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૨ અંગે રૂા.૪૪૪/– ભરવા બાબતે રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે તા.૧૯–૧૧–૧૦ ના રોજ ઈન્સ્પેકશન કરેલ અને અસંતુષ્ટ થવાથી તા.૨૨–૧૧–૧૦ ના રોજ ફરીથી ઉપસ્થિત થઈ મુદ્દા નં.૨ અંગેની શીડયુલ ટ્રાયબ ૨૮ ડ્રાઈવરો ઈબીસીના ૯૦ ડ્રાઈવરો તથા ૧૦૨ ડ્રાઈવરો પૈકી ૧૦૦ ડ્રાઈવરોના નામ, હેવી વ્હીકલ લાયસન્સ, અનુભવ અને નિમણુંક તારીખ સહિતની યાદીની નકલ માંગેલ છે. જે રૂા.૧૬/– ભરી તેઓએ તા.૨–૧૨–૧૦ ના રોજ લીધેલ છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે જનરલ ડ્રાઈવરોમાં ૧૫ શીડયુલ કાસ્ટના ડ્રાઈવરોની નિમણુંક બાબત તથા બોગસ સર્ટીફીકેટો તથા ગુણાંક બાબતે અનુભવ બાબતે, હેવી વ્હીલકના ટેસ્ટ બાબતે, ઉંમર બાબતે, જન્મ તારીખ બાબતે, કાર્યપધ્ધતિ સામે કાર્યવાહીને લગતી ફરીયાદ નિવારણ અને તકરાર બાબતની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૧ તા.૨૮–૧૨–૧૦ થી આપના પ્રશ્નની કાર્યવાહી અંગે અસંતોષને લગતો હોઈ કે તકરાર નિવારણને લગતો હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે. તેવું જણાવવામાં પણ આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પુરી પાડેલ હોય અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામા આવે છે. અરજદાર અપીલ તબકકે કાર્યવાહી અંગે અસંતોષને લગતો હોઈ કે તકરાર નિવારણને લગતો હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર